# નારણપુરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

## પ્રેસ નોટ

**અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશનના ગુનામા નાસ્તો ફરતો તથા પેરોલ જમ્પ આરોપીને ઝડપી પાડતી નારણપુરા પોલીસ**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ સુચના આપેલ જે અનુસંધાને નારણપુરા પો.સ્ટે. પો.ઇન્સ. શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના હે.કો. બંસીભાઇ પરસોત્તમભાઇ તથા પો.કો. ભરતસિંહ હિમ્મતસિંહ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ તથા પો.કો. વાલસિંહ જીતેંદ્રસિંહ તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઇ તથા લોકરક્ષક કિરણકુમાર નરસિજી તથા લોકરક્ષક અરજણભાઇ પ્રેમજીભાઇ તથા લોકરક્ષક દિલીપજી પ્રધાનજી વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી બાતમીના આધારે નારણપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૩૪/૧૨ ઇપીકો કલમ ૩૮૦,૪૧૧ મુજબના ગુનાનો આરોપી ગૌરવ ઉર્ફે ગૌરાંગ જયંતીલાલ છોટાલાલ જાતે-શાહ ઉ.વ.૩૭ ધંધો-બેકાર રહે-લક્ષ્મણભાઇ પુંજાભાઇ દરબારના મકાનમા ત્રીમુર્તિ ફ્લેટની સામે મેમનગર ગામ ઘાટલોડિયા અમદાવાદ શહેર મુળવતન: ગામ-રાજપુર તા.કડી જી.મહેસાણા નાને પ્રગતીનગર જય મંગલ બસ સ્ટેન્ડ પાસે શિવ હોસ્પીટલ આગળથી પકડી ઉપરોક્ત ગુનામા અટક કરવામા આવેલ. અને સદરી આરોપીની પુછપરછ કરતા તેના વિરુધ્ધ નવરંગપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૬/૧૪ ઇપીકો કલમ ૩૮૦ મુજબના ગુનામા સજા પડતા તા.૧૫/૧૦/૧૬ થી સાબરમતી સેંટ્રલ જેલમાંથી પેરોલ જમ્પ કરેલાની કબુલાત કરતો હોય જેથી સદરી આરોપીને નારણપુરા પો.સ્ટે. ના ઉપરોક્ત ગુનામા અટક કરી મે.અધિ.શ્રી સાબરમતી મધ્યસ્થ જેલ નાઓને જાણ કરવામા આવેલ છે.

